**<u>મહેરબાન આમોદના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં</u>**
**<u>મુ. આમોદ</u>**

**ફોજદારી કેસ નં. :– ૨૮૩/૨૦૨૬**

**આંક :–**

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી :– રમેશભાઇ ઉર્ફે બાલાજી ભુપેન્દ્રભાઇ રાઠોડ,
રહે. સરભાણ ગામ, મજુર કોલોની, તા. આમોદ, જી. ભરૂચ.

––––––––––––––––––––––––––––––––––––––

**ગુનો :– જી.પી. ઍક્ટ ની કલમ– ૧૨૨(સી) મુજબ...**

––––––––––––––––––––––––––––––––––––––

**<u>–:: ઠ રા વ ::–</u>**

આજરોજ નામ. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે. તેમજ નામ.ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ નાઓ દ્વારા સ્પેશ્યલ સીટીંગની મેજીસ્ટ્રેટને સત્તા આપવામાં આવેલ છે. તે મુજબ સદર કેસ આજરોજ રાખેલ છે.

**(૧)** ફરીયાદપક્ષના કેસની હકિકત એવી છે કે, આરોપી સામે જી.પી. ઍક્ટ ની કલમ – ૧૨૨(સી) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પોલીસ દ્વારા આરોપી સામે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે, બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ ગુનો કબુલ કરેલાનું જણાવે છે. વધુમાં આરોપી દ્વારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ, છુટક મજુરી કામ કરીએ છીએ અને આવી મજુરી પણ કાયમી મળતી નથી. વધુમાં મૌખિક રજુઆત કરેલ છે કે, અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી, જેથી ઉપરોકત તમામ હકિકતો ધ્યાને લઈ અમારો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછી સજા અને દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

**(૩)** ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકિકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ ધ્યાને લેતાં જ્યારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય, તેઓની સામેનો આ પ્રથમ ગુન્હો હોય ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરિસ્થિતિઓને ધ્યાને લેતાં તેમજ આ તબક્કે નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતાં તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકિત હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ કાયદા દ્વારા નકકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૫** અન્વયે જી.પી.ઍક્ટ ની કલમ - ૧૨૨(સી) મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠે અથવા તો તે પહેલા જ્યાં સુધી ફરમાવે ત્યાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૧ મી, માહે- જુલાઇ, સને-૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ: આમોદ

(રવિકુમાર આર. પરમાર)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આમોદ.
(કોડ-જીજે ૦૧૬૦૩)